## સંક્ષિપ્ત સમાચાર

### સુરતના સિંધી સમાજ દ્વારા કાલે અઠવા પાર્ટી પ્લોટ પર ઝૂલેલાલ જયંતીની ઉજવણી કરાશે

સુરત : આગામી તા.20મી માર્ચના રોજ શુક્રવારે પૂજ સુરત સિંધી પંચાયત, સુરત સિંધી કલોથ એસોસિએશન, સિંધુ સેવા સમિતિ (ટ્રસ્ટ), ઝૂલેલાલ સિંધુ સેવા યાત્રા સમિતિ (ટ્રસ્ટ), સિંધી સમાજ ટ્રસ્ટ સુરત ડાયરેક્ટરી પરિવાર દ્વારા ચેટીચંડની ઉજવણી કરવામાં આવશે. સવારે ૧૧.૦૦ કલાકે પંચાયતની ઓફિસે કારોબારી સભ્યો સાથે પંચાયતના પ્રમુખ વાસુદેવ ગોપલાણી, મંત્રી ઘનશ્યામભાઈ ખદર અને કમિટી સભ્યો ઝુલેલાલ ભગવાનની પૂજા અર્ચના કરી જ્યોત પ્રગટાવશે. ત્યાર બાદ હાથ પ્રસાદી બાદ સિટીલાઈટ પ્રેમ પ્રકાશ આશ્રમે જ્યોત લઈ જવામાં આવશે. ૧૧.૦૦ કલાકે સુરત સિંધી કલોથ એસો. ગોપી માર્કેટમાં પ્રમુખ હરીશ લાલવાણી ઝુલેલાલ જ્યોત પ્રગટાવીને હાથ પ્રસાદી બાદ જ્યોત પ્રેમ પ્રકાશ આશ્રમ લઈ જશે. ત્યાં ભંડારો થશે. સાંજે ૫.૦૦ પહેલા બન્ને જયોતને અઠવા પાર્ટી પ્લોટ પર લઈ જવામાં આવશે અને દર્શન માટે મુકાશે. સાંજે ૫ થી રાત્રે ૯ વાગ્યા સુધી રંગારંગ કાર્યક્રમ રહેશે, સાંજે ૭ વાગ્યે ભંડારો, રાત્રે ૯ કલાકે શણગારી ઝાંકીઓ બન્ને જ્યોત બેન્ડ બાજા સાથે શોભાયાત્રા સ્વરૂપે અઠવા પાર્ટી પ્લોટથી ચોપાટી, ટીમલીયાવાડ નાનપુરા નાવડી ઓવારે રાત્રે ૧૦.૦૦ વાગે લઈ જવામાં આવશે. અને તાપી નદીમાં વિસર્જન કરાશે તેમ સિંધી પંચાયતના કારોબારી સભ્ય મુરલીધર લીલાણીએ જણાવ્યું છે.

### કેપી હ્યુમન દ્વારા મહિલા મેનોપોઝ અને કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



સુરત: ગત તા.17 માર્ચના રોજ સંજીવકુમાર ઓડિટોરીયમ સુરત ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત તથા કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે "મહિલા મેનોપોઝ અને કેન્સર જાગૃતિ કાર્યક્રમ" યોજાયો હતો. શરૂઆતમાં કેપી ગ્રુપના સ્થાપક ચેરમેન ફારૂકભાઈ પટેલને યાદ કરવામાં આવ્યા. કાર્યક્રમ દરમિયાન ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલનો શુભેચ્છા સંદેશ પણ વાંચવામાં આવ્યો. વિશિષ્ટ મહેમાન તરીકે પો.કમિ. અનુપમસિંહ ગેહલોત હાજર રહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ફારૂકભાઈ પટેલ દ્વારા કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના માધ્યમથી મહિલાઓના આરોગ્ય અંગે કરવામાં આવેલી આ પહેલ સરાહનીય છે. કાર્યક્રમમાં રંજનાબેન ગોસ્વામી, પૂર્વ મેયર હેમાલીબેન બોઘાવાલા, સભ્ય અનુરાગભાઈ કોઠારી, ઇન્ચાર્જ ઉપશાસનાધિકારી રાગીનીબેન દલાલ તથા ભદ્રા જોષી ઉપસ્થિત રહ્યા હતા. મહિલાઓના આરોગ્ય વિષય પર ડૉ. અમીબેન યાજ્ઞિક તથા તેમની ટીમ દ્વારા મેનોપોઝ સંબંધિત મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું.

### તબીબોની કલરવ સંસ્થા દ્વારા 'અંતાક્ષરી'ની ફાઈનલ સ્પર્ધા યોજાઈ



સુરત: કલરવના ડૉ. વિનોદ સી. શાહ અને ડૉ. નીતીન ગર્ગે એક યાદીમાં જણાવ્યું છે કે, તબીબોની સુરીલી સંગીત સંસ્થા "કલરવ" દ્વારા આ વર્ષે "વિપુલ કલરવ અંતાક્ષરી ૨૦૨૬ સિઝન-૬"ની ફાઈનલ સ્પર્ધા રંગ ભવન ખાતે તા.૧૫-૦૩-૨૦૨૬, રવિવારના રોજ સાંજે ૦૬.૦૦ કલાકે રંગભવન, નાનપુરા સુરત ખાતે યોજાઈ હતી. જેમાં ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસી મુખ્ય મહેમાન તરીકે તથા મનપાના આસિ. કમિ. ગાયત્રી જરીવાલા વિશેષ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે ચેમ્બરના મિતેશ મોદી, ગાયક અમન લેખડિયા પણ હાજર રહ્યા હતા. પ્રથમ વિજેતા નીરેન મહેતા-શ્રેયા મહેતા, દ્વિતીય વિજેતા સ્વપ્ના શાહ-પરાગ શાહ, તૃતીય વિજેતા આશિષ સરૈયા-પરેશ દલાલ અને ચતુર્થ વિજેતા હર્ષદ શાહ-વિપુલ દેસાઈ થયા હતા. વિજેતાઓને ટ્રોફી, મેડલ, પ્રમાણપત્ર તથા રોકડ ઈનામ અને લેજન્ડ ઓફ બોલીવુડ પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાને સફળ બનાવવા નરેશ કાપડિયા, દિપક તોરાવાલા, મુકુંદ કાપડીયા અને યોગેશ પારેખે જહેમત કરી હતી.

### બીજાના દુ:ખમાં આનંદ મેળવવો ઈર્ષાળુની તાસીર છે: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



ચિંચોટી: અમદાવાદ-મુંબઈ હાઈવે સ્થિત ચિંચોટીના ગિરનારધામ જૈન તીર્થ ખાતે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે સત્સંગીઓ સમક્ષ જણાવ્યું હતું કે અનેક નિષ્ફળતાઓની સામે પણ જે પડકાર ઝીલવા તૈયાર થાય છે તે વ્યક્તિ સફળતાના શિખરે પહોંચે છે. બીજાની સફળતામાં જો તમને આનંદ થતો નથી તો સમજી રાખજો કે તમે જીવનમાં ક્યારે પણ સફળ નહીં થાઓ. બીજાનો વિકાસ સહન ન કરવો એ એક જાતનો માનસિક વાયરસ છે. આ વાયરસ આપણા સમાજમાં, ઓફિસોમાં, ગલીઓમાં, પરિવારમાં અને રાજકારણમાં સર્વત્ર ફેલાયેલો છે. બીજાના દુ:ખમાં આનંદ મેળવવો એ કેટલાક ઈર્ષાળુ તત્ત્વોની તાસીર બની ગઈ છે. જ્યારે આપણે કોઈ બીજાની મોટી સફળતા જોઈએ છીએ, ત્યારે ઘણીવાર આપણી અંદર રહેલી લઘુતાગ્રંથિ જાગૃત થાય છે.

### શ્રી રામાયણ પ્રચાર સમિતિ દ્વારા શ્રી રામચરિત માનસનો નવ દિવસીય પાઠ

સુરત: શ્રી રામાયણ પ્રચાર સમિતિ, સુરત દર ચૈત્ર નવરાત્રિમાં ગોસ્વામી તુલસીદાસ દ્વારા રચિત શ્રી રામચરિતમાનસના નવ દિવસીય પાઠનું આયોજન કરે છે. આ વર્ષે 27મું વાર્ષિક પાઠ ગુરુવાર, 19 માર્ચથી શુક્રવાર, 27 માર્ચ સુધી, શુભમ હાઇટ્સ-1, પર્વત પાટિયાના પ્રાંગણમાં યોજાશે. પૂજા દરરોજ સવારે 6 વાગ્યે શરૂ થશે, ત્યારબાદ સવારે 7 થી 10:30 વાગ્યા સુધી શ્લોકોનું સંગીતમય પાઠ થશે. સમિતિના ઉમાકાંત માલાણી અને મહેશ લખોટિયાએ જણાવ્યું હતું કે આશરે 150 ભક્તો આસન પર બેસીને સમગ્ર રામચરિતમાનસનો પાઠ કરશે. શુભમ હાઇટ્સ સોસાયટીના કૈલાશ મોહતા અને લલિત આસોપાએ જણાવ્યું હતું કે આજે પ્રથમ દિવસે, શિવ અને પાર્વતીના શુભ લગ્નના શ્લોકોનું વિશેષ સંગીતમય પાઠ યોજાશે.

### સિટીલાઇટના મહારાજા અગ્રસેન પેલેસમાં 'ગણગૌર વેડિંગ કાર્નિવલ'નું આયોજન થયું



સુરત: અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ મહિલા શાખા દ્વારા ગણગૌર વેડિંગ કાર્નિવલ કાર્યક્રમનું આયોજન મંગળવારે સિટીલાઇટ સ્થિત મહારાજા અગ્રસેન પેલેસના દ્વારકા હોલમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન વેડિંગ કાર્નિવલ થીમ પર કરવામાં આવ્યું હતું, જેમાં આપણી પરંપરા, વેશભૂષા અને આપણા રીતિ-રિવાજોને પણ દર્શાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં અંદાજે સાડા ત્રણસો મહિલાઓ પરંપરાગત વેશભૂષામાં સામેલ થઈ હતી. કાર્નિવલમાં મહિલાઓને બંગડી ગેમ, કાર્ડ ગેમ, ટિક ટેક ટો, ટેરો કાર્ડ સહિતની અનેક રમતો રમાડવામાં આવી હતી. આયોજનમાં મહિલાઓએ ઈસર ગણગૌરનો નાચતા-ગાતા બંદોરો કાઢ્યો અને ઘૂમર નૃત્ય કર્યું. આ પ્રસંગે મહિલા શાખાની રુચિકા રૂંગટા, પ્રીતિ, અનુરાધા, શાલિની, આરતી, સરોજ, સત્યભામા, સુનીતા, સુશીલા, શાલિની મિત્તલ, રેણુ સહિત અનેક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# પીપલોદ આઈબીસી સેન્ટરમાં ફાઈનાન્સની ઓફિસમાં આગ

**સવારે** 9:30 કલાકે સાફસફાઈ દરમિયાન એસી શરૂ કરતાની સાથે જ શોર્ટ સર્કિટ થતાં આગ લાગી

**કોમ્પ્યુટર,** લેપટોપ તથા પીઓપી સીલિંગ આગમાં બળીને ખાખ થયાં





સુરત: પીપલોદ રોડ સ્થિત આવેલા ઈન્ટરનેશનલ બિઝનેસ સેન્ટરમાં ત્રીજા માળે આવેલી એક્સિસ ફાઈનાન્સની ઓફિસમાં બુધવારે સવારે આગ લાગી હતી. ઓફિસમાં સાફસફાઈ ચાલી રહી હતી.

દરમિયાન એસીમાં શોર્ટ સર્કિટ થતાં આ બનાવ બન્યો હતો. બનાવની જાણ કરાતાં વેસુ, ભીમરાડ અને મજૂરા ફાયર સ્ટેશનોનો કાફલો ઘટના સ્થળે પહોંચીને આગ ઓલવવાની કવાયતમાં લાગી ગયો હતો.

પ્રાપ્ત જાણકારી મુજબ પીપલોદ રોડ આઈબીસી સેન્ટરનાં ત્રીજા માળ ઉપર આવેલી 301 નંબરની ઓફિસ એક્સિસ ફાઈનાન્સ લિમિટેડની છે. સવારે 9:30 કલાકે ઓફિસનો સ્ટાફ આવે તે પહેલાં સાફસફાઈની કામગીરી ચાલી રહી હતી. દરમિયાન એસી ચાલુ કરતા અચાનક આગ લાગી ગઈ હતી.

જોતજોતામાં આગ ઓફિસમાં પ્રસરવા લાગી ગઈ હતી. દરમિયાન ફાયર કંટ્રોલની તેની જાણ કરવામાં આવી હતી. ત્રણ ફાયર સ્ટેશનોની 6 ગાડીનો કાફલો ગણતરીની મિનિટ્સમાં જ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ફાયર ઓફિસર કિશોર પટેલે જણાવ્યું હતું કે, આગ ઓફિસમાં પ્રસરી જતાં કોમ્પ્યુટર, લેપટોપ તથા પીઓપીની સીલિંગ તથા અન્ય પરચૂરણ સામાન આગમાં બળીને ખાખ થઈ ગયો હતો. બાદ ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવી આગને ગણતરીની મિનિટ્સમાં જ કાબૂમાં કરી લીધી હતી. જો કે, સવારના સમયે ઓફિસમાં અન્ય કોઈ સ્ટાફ હાજર ન હોવાને કારણે કોઈને ઈજા કે જાનહાનિ પહોંચી ન હતી.

# દીકરા સાથે ટ્યુશને જતી બાળાને અડપલાં કરનાર ફોટોગ્રાફરને સજા

**આરોપી** અડપલાં કરતો હતો ત્યારે ફોન આવતાં બાળા ભાગીને પોતાના ઘરે પહોંચી હતી

#### માસૂમ બાળાએ ઊલટતપાસમાં પણ ખચકાયા વગર જવાબો આપ્યા

સુરત: નવ વર્ષની માસૂમ બાળાએ કોર્ટમાં હિંમતપૂર્વક પોતાની જુબાની આપી હતી. આ બાળકીએ ઊલટતપાસમાં પણ પોતાની સાથે બનેલી ઘટના સંદર્ભે જરાપણ ભૂલ કર્યા વગર કે જરાપણ ખચકાયાં વગર જવાબો આપ્યા હતા.

સુરતઃ ભેસ્તાનમાં એક દીકરાના પિતાએ નવ વર્ષની બાળા સાથે કરેલાં અડપલાંના પોક્સો એક્ટ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે સાત વર્ષની કેદની સજા ફટકારી હતી.

ભેસ્તાનમાં રહેતા ફરિયાદીની નવ વર્ષની દીકરી તા.૧૨/૧૨/૨૦૨૪ના રોજ પડોશની બિલ્ડિંગમાં રહેતા ઓળખીતા આરોપી ફોટોગ્રાફર ભરત ગોવિંદ પટેલ (ઉં.વ.૪૪) ના દીકરા સાથે ટ્યુશને જવા માટે તેમના ઘરે ગઈ હતી. આ દીકરી ૧૫ મિનિટમાં જ રડતી રડતી ઘરે પાછી આવી હતી. જેથી ફરિયાદી પિતાએ દીકરીને પૂછપરછ કરતાં દીકરીએ રડતાં રડતાં તેની સાથે ભરત અંકલે કરેલી હરકતો અંગે જણાવ્યું હતું. આ માસૂમ દીકરી ભરત અંકલના દીકરા સાથે ટ્યુશને જવા માટે તેમના ઘરે ગઈ ત્યારે આરોપી ભરતે પોતાના દીકરાને આગળના રૂમમાં મોકલી દઈ દીકરીને નાસ્તા માટે ૧૦ રૂપિયા આપી ગાલ પર કિસ કરી હતી તેમજ બારીના પડદા બંધ કરી બેડ પર બેસાડી ટી-શર્ટ ઊંચું કરી પેટના ભાગે હાથ ફેરવી છાતી પર ચુંબન કરવા લાગ્યો હતો. અચાનક ભરતના ફોનમાં કોઇનો કોલ આવતાં તે બારી પાસે જઇ ફોન પર વાત કરતો હતો ત્યારે ભોગ બનનાર દીકરી ભાગીને પોતાના ઘરે પહોંચી હતી. આ બનાવ અંગે ભેસ્તાન પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપી વિરુદ્ધ કાર્યવાહી કરી કોર્ટમાં ચાર્જશિટ રજૂ કરી હતી. આ કેસમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ દીપેશ દવેએ દલીલો કરતાં કોર્ટે આરોપી ભરતને સાત વર્ષની કેદની સજા ફટકારી હતી.

# દાઉદી વ્હોરાની આજે રમઝાન ઈદ, મુસ્લિમોની ચાંદ જોઈ નક્કી થશે

**દાઉદી** વ્હોરા દ્વારા આજે ભોજન-મુલાકાત સાથે ઈદ શરૂ થશે

સુરતઃ પવિત્ર રમઝાન માસના 30 રોજા પૂરા થતા દાઉદી વ્હોરા સમાજ આવતીકાલે ગુરુવારે ઈદ-ઉલ-ફિત્ર - રમઝાન ઈદની સાદગીપૂર્ણ ઉજવણી કરશે. જ્યારે મુસ્લિમ સમાજ આવતીકાલે ચાંદ જોઈને ઈદનો દિવસ નક્કી કરશે.

દાઉદી વોહરા સમાજ દ્વારા રમઝાન માસના અંતે ઈદ-ઉલ-ફિત્ર (રમઝાન ઈદ) ની ઉજવણી અત્યંત ઉત્સાહ, ભક્તિ અને શિસ્ત સાથે કરવામાં આવે છે. ઈદના દિવસે સવારે મસ્જિદોમાં સમાજના લોકો એકત્ર થઈ ઈદની વિશેષ નમાજ અદા કરે છે અને દેશ-દુનિયામાં શાંતિ માટે પ્રાર્થના કરે છે. દાઉદી વોહરા સમાજના 53મા સર્વોચ્ચ ધર્મગુરુ ડૉ. સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબના માર્ગદર્શન હેઠળ ઈબાદત અને ઉજવણી કરવામાં આવે છે. પરંપરાગત ભોજન અને મુલાકાત સાથે ઈદનો પર્વ શરૂ થાય છે. લોકો નવા કપડાં પહેરીને, એકબીજાને ઈદની મુબારકબાદી આપે છે અને ઘરોમાં ખાસ કરીને શીખુરમા જેવી વાનગીઓ બનાવવામાં આવે છે. દુનિયામાં યુદ્ધની સ્થિતિ વચ્ચે અનેક પરિવારોમાં ગમગીની છવાઈ છે ત્યારે આ વર્ષની ઈદની સાદાઈથી ઉજવણી કરવામાં આવશે. કોમી એકતાના પ્રતીક રૂપે અન્ય સમાજના લોકો સાથે પણ પ્રસાદી વહેંચવામાં આવશે.

# ગુજરાત બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થતાં જ વિદ્યાર્થીઓને હાશકારો

**લાંબા** સમયની તૈયારી બાદ અંતિમ પેપર પૂરું થતાં વિદ્યાર્થીઓ ખુશખુશાલ બહાર નીકળ્યા

**છૂટા** પડતાં પહેલા સેલ્ફી લીધી, હવે તમામ વિદ્યાર્થીઓને પરિણામની ચિંતા

#### ગુરુવારથી ઉત્તરવહીઓની ચકાસણી શરૂ થશે

બુધવારે બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ હતી. ત્યાં બીજા જ દિવસે એટલે કે ગુરુવારથી જિલ્લાનાં 20 સેન્ટર પર ધોરણ-10 અને ધોરણ-12 બોર્ડના ઉત્તરવહીઓની ચકાસણી શરૂ થશે. ચકાસણી માટે જે-તે વિષયના શિક્ષકોને ડ્યૂટી ફાળવણી થઈ ગઈ છે. તમામ કામગીરી શિક્ષણ બોર્ડની સીધી સુપરવિઝનમાં રહેશે.

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ બુધવારે સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. ફેબ્રુઆરી મહિનાના અંતે શરૂ થયેલી આ પરીક્ષાઓ લગભગ બે અઠવાડિયા સુધી ચાલી હતી, જેનો બુધવારે અંત આવ્યો હતો.

ધો.10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ બે અઠવાડિયા સુધી ચાલી હતી. અને બુધવારે છેલ્લું પેપર હતું. પેપર આપીને બહાર નીકળેલા વિદ્યાર્થીઓમાં પરીક્ષાઓ પૂર્ણ થતા જ પરીક્ષા કેન્દ્રો બહાર આનંદનો માહોલ જોવા મળ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી ચાલતી તૈયારી અને માનસિક દબાણમાંથી મુક્તિ મળતા વિદ્યાર્થીઓ ખુશખુશાલ ચહેરા સાથે બહાર નીકળતા જોવા મળ્યા હતા.

ઘણા વિદ્યાર્થીઓએ મિત્રો સાથે સેલ્ફી લઈને આ ક્ષણોને યાદગાર બનાવી હતી, જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ હવે રજાઓ દરમિયાન ફરવા જવાની તથા નવા અભ્યાસક્રમ માટે તૈયારી કરવાની ચર્ચાઓ શરૂ કરી હતી. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, આ વખતે પેપર સામાન્ય સ્તરનાં રહ્યાં હતાં. જેના કારણે મોટા ભાગના વિદ્યાર્થીઓમાં સંતોષનો માહોલ જોવા મળ્યો હતો. હવે તમામ વિદ્યાર્થીઓને પરિણામોની આતુરતાથી રાહ રહેશે. બાદમાં કોલેજમાં પ્રવેશની પ્રક્રિયા શરૂ થશે.

### વેસુ ફાયર સ્ટેશનના ક્વાર્ટર્સમાંથી રૂ.1.86 લાખનો દારૂ પકડાયો

સુરતઃ વેસુ પોલીસ મથકના સ્ટાફને ખાનગી રાહે બાતમી મળી હતી કે, વેસુ ફાયર સ્ટેશન પાસે આવેલા સ્ટાફ ક્વાર્ટર્સના પાર્કિંગમાં એક શંકાસ્પદ ઈકો કાર પડી છે, જેમાં મોટા પાયે દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાબડતોબ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. બાતમીવાળી પાર્કિંગમાં ઊભેલી ઈકો કાર નં.(GJ-21-CD-4366)ની તલાશી લેતા પોલીસ પણ ચોંકી ઊઠી હતી. કારમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બાટલીઓ અને બિયરની કુલ 13 પેટી મળી આવી હતી. પોલીસના જણાવ્યાનુસાર જપ્ત કરાયેલા દારૂના જથ્થાની કિંમત આશરે 1.86 લાખ જેટલી થાય છે. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત ઈકો કાર બે લાખની પણ કબજે લીધી છે. ફાયર સ્ટેશન જેવા વ્યસ્ત અને સરકારી સ્ટાફ ધરાવતા વિસ્તારના પાર્કિંગમાં આટલી મોટી માત્રામાં દારૂ ભરેલી કાર કોણ મૂકી ગયું? તે અત્યારે તપાસનો વિષય બન્યો છે. પોલીસે કારના રજિસ્ટ્રેશન નંબરના આધારે ગુનો નોંધી કારના માલિકની શોધખોળ શરૂ કરી છે. પ્રાથમિક દૃષ્ટિએ આ કાર દારૂની હેરાફેરી માટે વપરાતી હોવાનું મનાય રહ્યું છે.

# એરજેટ વિવરોએ કોસ્ટિંગ કાઢીને જ માલ વેચવો

**યાર્નના** સોદા ખાઈ ગયેલા ડીલર અને યાર્ન ઉત્પાદક, વિક્રેતા કંપનીનાં નામ જાહેર કરાશે: એસો.



સુરતઃ મધ્ય પૂર્વના દેશોમાં ઊભી થયેલી યુદ્ધ જેવી પરિસ્થિતિના પ્રભાવથી કાચા માલના ભાવોમાં થયેલા અચાનક વધારો અને કોમર્શિયલ LPG ગેસના સપ્લાયમાં સર્જાયેલી અડચણોના કારણે એરજેટ વીવિંગ યુનિટ્સ માટે યાર્નના વધેલા ભાવ અને ગેસ સપ્લાયની સમસ્યા મોટો પડકાર બની રહી છે. એરજેટ વીવર્સ એસોસીએશન દ્વારા વેપાર ધારો નક્કી કરવા મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહત્વપૂર્ણ બેઠકમાં યાર્નમાં જે નવો ભાવ વધારો થયો છે એ પ્રમાણે વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા હતા. કાચા માલ તરીકે ઉપયોગમાં આવતાં બેઝિક રો મટિરિયલ્સમાં થયેલા અસામાન્ય ભાવવધારા વચ્ચે એરજેટ ઉદ્યોગકારોએ કઈ રીતે આગળની રણનીતિ બનાવવા એસોસીએશન દ્વારા સુરત ટેક્સટાઈલ ક્લસ્ટરમાં કાર્યરત તમામ એરજેટ હાઈસ્પીડ લૂમ્સના કારખાનેદારો, ફેક્ટરી સંચાલકો અને ઉદ્યોગકારો માટે આ બેઠક યોજવામાં આવી હતી.

#### એરજેટ વિવર્સ એસો.ની મિટિંગમાં આ નિર્ણય લેવાયા

1. યાર્નના નવા રેટ પ્રમાણે કોસ્ટિંગ કાઢી નવા ઓર્ડર લેવા નહીંતર જો ઓર્ડર નહીં હોય તો ફેક્ટરી સ્વેચ્છિક બંધ રાખવી.
2. સરકારના MSME ના ધારા પ્રમાણે 45 દિવસમાં પેમેન્ટ લેવું અને 45 દિવસ ઉપર દોઢ ટકો ઇન્ટરેસ્ટ લેવું.
3. ક્રૂડ ઓઇલના વધેલા ભાવને લીધે યાર્નમાં જે વધારો થયો છે તેને ધ્યાનમાં રાખીને 25 થી 30 ટકા જેટલો કાપડના ભાવમાં વધારો કરવો
4. હાલ મંદીના માહોલ અને કપરા સમયમાં ચીટર પાર્ટી અને ફ્રોડ દલાલો નામ જાહેર કરવા સહમતિ સધાઈ છે.

# માથે દેવાને કારણે યુવકે લાઈવ વિડીયો ચાલુ કરી ઝેર પી લીધું

**દિવાળી** પહેલા હીરા દલાલીમાં 50 લાખ રૂપિયા માથે થઈ જતાં ટેન્શનમાં આવી ગયો હતો

સુરતઃ આર્થિક તંત્રી અને માથે દેવાને કારણે યોગી ચોકના યુવકે લાઈવ વિડીયો ચાલુ કરીને ઝેર પીને જીવન ટૂંકાવી લીધું હતું.

મળેલી માહિતી મુજબ મૂળ અમરેલીના સાવરકુંડલાના વતની સંદીપભાઈ હિંમતભાઈ ચોડવડિયા (ઉં.વ.40) હાલ યોગી ચોક વિસ્તારમાં આવેલી સગુન રેસિડેન્સીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. સંદીપભાઈ કાપોદ્રા વિસ્તારમાં આવેલ ભગવતી કૃપા સોસાયટીમાં હીરાની ઓફિસમાં નોકરી કરતો હતો. દિવાળી પહેલા સંદીપભાઈ હીરા દલાલીનું કામ કરતો હતો. દરમિયાન તેને અંદાજે 50 લાખ રૂપિયા માથે દેવું થઈ ગયું હતું. જેથી લેણદારો અનેક વખત તેને ફોન કરીને રૂપિયા માંગતા હતા. વારંવાર વાયદાઓ કર્યા બાદ હાલ સંદીપભાઈ પાસે તેઓને આપવા માટે કોઈ જવાબ બચ્યા ન હતા. જેથી ટેન્શનમાં આવીને તેણે મંગળવારે સાંજે ઓફિસમાં ઝેર પી લેતા સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. થોડાક દિવસ પહેલા પણ સંદીપભાઈએ તેના મોટા ભાઈને આ બાબતે વાત કરી હતી કે, મારી પાસે તેઓને આપવા માટે કોઈ જવાબ પણ નથી બચ્યા.

#### મેં દવા પી લીધી છે, મને માફ કરજો

સંદીપભાઈએ આપઘાત કરતા પહેલા ત્રણ અલગ અલગ લાઈવ વિડીયો બનાવ્યા હતા, જેમાં તે કહે છે કે, મેં દવા પી લીધી છે, મને માફ કરજો. હું અત્યારે હું કોઈને તાત્કાલિક પૈસા આપી શકું એમ નથી, તમે બધા મને માફ કરજો. હું જીવી શકું એમ નથી, મને બહુ ટેન્શન છે, છોકરાં નાનાં છે, કરવું નથી પણ થઈ જાય એમ છે. મારી પાસે એવો કોઈ ધંધો નથી કે, જેમાં તાત્કાલિક રૂપિયા આવી જાય. મારે પણ માર્કેટમાંથી રૂપિયા લેવાના છે. જે હજુ સુધી આવ્યા નથી, એટલે હું કોઈને દઈ શક્યો નથી. મારો પરિવાર અને બંને ભાઈ ખૂબ જ સારા છે.

